ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના મકાન માટે રૂ.૯.૯૩ કરોડની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:- SJED/MSM/e-file/17/2022/0175/CHH

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:- /09/2024

વંચાણે લીધા:

(૧) વિભાગના તા.૨૭/૦૭/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૨૦/૩૭૪૬૨/ન.બા./છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના તા.૦૭/૦૨/૨૦૨૨ના પત્ર ક્રમાંક:-સસુખા/બકમ/૨૦૨૧-૨૨ /૨૮૬-૨૨૭

(૩) વિભાગના તા.૦૬/૧૨/૨૦૨૩ના સામાનાંકી ઠરાવ ક્રમાંક

(૪) નિયામકશ્રી સમાજ સુરક્ષા કચેરીના તા.૦૯/૦૮/૨૦૨૪ના પત્ર ક્રમાંક:- DSD/0148/08/2024

(૫) નિયામકશ્રી સમાજ સુરક્ષા કચેરીના તા.૧૧/૦૯/૨૦૨૪ના પત્ર ક્રમાંક:-DSD/0154/09/2024

<u>પ્રસ્તાવના:-</u>

ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા સંપુર્ણ સુવિધા સભર અત્યાધુનિક મકાન બનાવવા માટે વંચાણે લીધા ક્રમાંક (૧) પરના વિભાગના ઠરાવથી રૂ.૧.૦૦ લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ નિયામકશ્રી સમાજ સુરક્ષાની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૨) પરની દરખાસ્ત અન્વયે વંચાણે લીધા ક્રમાંક (૩) પરના વિભાગના ઠરાવથી રૂ. ૫૫૯.૨૮ લાખની સુધારેલી વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. સદર વહીવટી મંજુરી અપૂરતી હોઇ, નિયામકશ્રી સમાજ સુરક્ષા કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૪) અને (૫)ના પત્રથી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા મકાન બાંધકામ માટે રૂ.૯.૯૩ કરોડની સુધારેલી વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:-</u>**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા મકાન બાંધકામ માટે રૂ. ૯.૯૩ કરોડની આથી સુધારેલી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

વધુમાં વંચાણે લીધા ક્રમાંક:(૧)ના ઠરાવની અન્ય તમામ શરતો અને વિગતો યથાવત રહેશે.

eSign
Signed by: DRASHTI PANKAJBHAI SHAH
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 20-Sep-2024 (12:22 PM)

(દ્રષ્ટિ શાહ)

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી , નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા, બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ (વિભાગની વેબસાઇટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)